Date: 20/10/2012

# ઉકા તરસાડીયા યુનિવર્સીટીમાં ગરબા મહોત્સવનું ભવ્ય આયોજન

બી. વી. પટેલ કોલેજ પ્રાંગણમાં સંપન્ન ઉકા તરસાડીયા યુનિવર્સીટી દ્વારા આયોજિત ગરબા પ્રતિયોગિતા માં ૩૦૦ વિધાર્થીઓએ ઉત્સાહભેર ગરબા ની રમઝટ બોલાવી.

મા અંબાના પાવન આરાધના પર્વે બારડોલી સ્થિત ઉકા તરસાડીયા યુનિવર્સીટીમાં તા. ૨૦ ૧૦ ૨૦૧૨ ના રોજ નવલી નવરાત્રી રાસ ગરબા મહોત્સવ ની હર્ષોઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપક્રમે અર્વાચીન અને પ્રાચીન રાસ ગરબા પ્રતિયોગીતા નું આયોજન કરવામાં આવ્યું હતું.ઘાસના પૂળા,માટલા અને તોરણના સુંદર સુશોભન થી ગરવા ગુજરાતી ગામડાનો આભાસ ને સંગાથે ગલગોટા અને આસોપાલવની સુવાસ થકી વાતાવરણ માદક બની ઉઠ્યું. સોનામાં સુંગધ ઘોળતા રંગબેરંગી પોશાકોમાં સુસજ્જિત ખેલૈયાઓનો ઉન્માદ માહોલમાં મનોરમ્ય રસ ઘોળતો હતો.



બે ચરણમાં આયોજિત આ પ્રતિયોગિતા ના પ્રથમ ચરણે બી.કોમ અને બી.બી.એ ના ખેલૈયારૂપી વિધાર્થીઓએ ઢોલ, નગારા, પીપુંડા, ધજા, સાડી, માંડવી, છત્રીઓ, ઝુમ્મર, દાંડિયા, ફાનસ, દીવડાઓ જેવા રૂપકો દ્વારા ૧૦ મનમોહક નૃત્ય કલાકોશલ્યની પ્રસ્તુતિ કરતા વાતાવરણઝૂમી ઉઠ્યું હતુ.

બીજા ચરણમાં આંતર વિભાગીય સ્પર્ધામાં ૧૦ અદભૂત કલાકૃતિઓથી જીવંત બની ગયેલા મહોત્સવે ખેલૈયાની ઉત્કૃષ્ટ પ્રતિભાઓની ચાડી ખાતો હોય તેમ દર્શકો, નિર્ણાયકો, આમંત્રિત મેહમાનો ના મનને તાલ અને લયથી તો ડોલાવ્યા જ, ઉપરાંત રાધાક્રિશ્નનની ઝાંખીએ પ્રસંગ ને અલૌકિક સ્પર્શ પણ પ્રદાન કર્યો હતો.



મંત્ર મુગ્ધ કરી દેતી આ સ્પર્ધામાં વિવિધ નૃત્યરંગરસિયાઓની આતુરતાનો અંત પરીણામની ઘોષણાથી આવ્યો કે જેમાં માલિબા ફાર્મસી કોલેજના બી.ફાર્મા અને એમ.ફાર્માની નૃત્યકૃતિઓ અનુક્રમે તૃતીય અને દ્વિતીય ક્રમ મેળવી મેદાન મારી ગઈ. સ્વનૃત્યકૃતિમાં ગુલાલ ના વરસાદથી વાતાવરણને ગુલાબી રંગમય બનાવી દેનાર બી.વી.પટેલ કોલેજના એસ.વાય.બી.બી.એ નૃત્યગ્રુપે પ્રથમ ક્રમાંક હાંસિલ કરતા ખેલૈયાઓ થનગની ઉઠ્યા હતા.